Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અપરોક્ષ જ્ઞાન એ જન્યજ્ઞાન છે; અને શુદ્ધબ્રહ્મરૂપ જ્ઞાન એ અજન્યજ્ઞાન છે.

**अजन्यसुखम्**—'જન્યસુખ' અને 'અજન્યસુખ' એવા સુખના બે પ્રકાર છે: તેમાંથી અંતઃકરણની વૃત્તિજન્ય સુખ તે જન્યસુખ કહેવાય છે; અને બ્રહ્મસુખ તે અજન્યસુખ કહેવાય છે.

**अजहत्लक्षणा**–लक्ष्यतावच्छदकरूपेण लक्ष्यशक्योभयबोधप्रयोजिका लक्षणा अजहल्लक्षणा લક્ષ્યતાવચ્છેદકરૂપે, લક્ષ્ય અને શક્ય બન્નેના બોધની હેતુ જે લક્ષણા, તે અજહલ્લક્ષણા કહેવાય છે. જેમ–કોઈ માણસે ભોજન માટે રાખેલા દહીંનું કાગડાં, બિલાડાં, વગેરે પ્રાણીઓથી રક્ષણ કરવા માટે એક છોકરાને કહ્યું કે 'કાગડાઓથી દહીંનું રક્ષણ કર.' એ વચન સાંભળીને તે છોકરો કાક (કાગડો) પદની દહીંને બગાડનારાં તમામ પ્રાણીઓમાં લક્ષણા કરે છે. એવાં પ્રાણીઓ, કાગડા, બિલાડાં, કૂતરાં, વગેરે છે. એવાં દહીં બગાડનારાં કાગડા, બિલાડાં, વગેરે લક્ષ્યો વિષે જે 'કાક' પદની લક્ષ્યતા રહે છે. તે લક્ષ્યતાનો અવચ્છેદક દધિ–ઉપઘાતકત્વ (દહીં બગાડવાપણા રૂપ) ધર્મ છે. એ દધિ ઉપઘાતકત્વરૂપ લક્ષ્યતાવચ્છેદકરૂપે કરીને કાક, બિડાલ, શ્વાન, વગેરે સર્વ શક્ય અને લક્ષ્ય પદાર્થોનો બોધ તે છોકરાને કાકપદની લક્ષણાથી થાય છે. માટે કાકપદની દધિ-ઉપઘાતક વિષે લક્ષણા તે અજહત્ લક્ષણા કહેવાય છે. (ન્યા. પ્ર.)

તેમજ छत्रिणो गच्छन्ति–(છતરીવાળા જાય છે) એમાં પણ એકસાર્થવાહી (એક ટોળામાં જનારા) પુરુષોમાં छत्री (છતરીવાળો) પદની લક્ષણા થાય છે. એ લક્ષણાવડે છત્રીવાળા તથા છત્રી વગરના બધા પુરુષોનો બોધ થાય છે, માટે એ પણ અજહત્ લક્ષણા છે.

૨. शक्यार्थापरित्यागेन तत्संबंध्यर्थान्तरे वृत्तिः।—પદના શક્ય અર્થનો પરિત્યાગ કર્યા વિના તે શક્ય અર્થના સંબંધવાળા પદાર્થમાં તે પદની જે લક્ષણાવૃત્તિ તે 'અજહત્ લક્ષણા' કહેવાય છે. જેમ "માળા ગાજી ઉઠયા" એમાં 'માળા' શબ્દનો શક્ય અર્થ જડ માળો (માંચડો) છે. તે અર્થનો ત્યાગ ન કરતાં માળાના સંબંધવાળા તે ઉપર બેઠેલા માણસ છે તેમાં લક્ષણા કરવી તે 'અજહત્ લક્ષણા' છે.

**अजिह्वादिभिक्षुषट्कम्**–अजिह्वः षण्डकः पङ्गुरन्धो बधिर एव च। मुग्धश्चते सुविज्ञेया षड् भूमौ भिक्षुपुङ्गवाः ॥१॥—અજિહ્વ (જીભ વગરનો) પંઢ, પાંગળો, આંધળો, બહેરો અને મૂઢ, એ છ પ્રકારના ભિક્ષુ (સંન્યાસી) શ્રેષ્ઠ કહેવાય છે. (અર્થ તે તે શબ્દોમાં જોવા.)

**अजिह्वोभिक्षुः**–इदमिष्टमिदं नेति योऽश्नन्नपि न सज्जते। हितं सत्यं मितं वक्ति तमजिह्वं प्रवक्षते ॥—જે સંન્યાસી ભોજન કરતો છતાં આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે, એવી આસક્તિ રાખતો નથી; તથા હિતકર, સત્ય અને થોડું બોલે છે તે અજિહ્વ (જીભ વગરનો) સંન્યાસી કહેવાય છે.

**अजीवः**—(જૈનમતે) ભોગ્ય પદાર્થો. એ અજીવ પદાર્થોમાંજ આશ્રવ, સંવર, નિર્જર, બંધ અને મોક્ષ, એ પાંચ પદાર્થોનો અંતર્ભાવ થાય છે.

**अज्ञत्वम्**—ગુરુમુખથી શાસ્ત્રાધ્યયન જેણે કર્યું નથી તે અજ્ઞ; અજ્ઞનો ભાવ અજ્ઞપણું. ૨. આત્મજ્ઞાન શૂન્યત્વ.

**अज्ञातत्वम्**–प्रमाणजन्यज्ञानाविषयत्वम्। જે પદાર્થ પ્રમાણજન્યજ્ઞાનનો અવિષય હોય તે અજ્ઞાત કહેવાય છે. (અર્થાત્ અજ્ઞાતપણું)

૨. अज्ञानाश्रयाज्ञानविषयत्वम्।—અજ્ઞાન જેનો આશ્રય છે એવો અજ્ઞાનનો વિષય અજ્ઞાત; એવું અજ્ઞાતપણું તે અજ્ઞાતત્વ.

**अज्ञातसत्ता**–જ્ઞાન થયા પહેલાંના કાળમાં વિષયની જે સત્તા તે. જેમ–જીવ અને બ્રહ્મની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકતાનું જ્ઞાન થયા પહેલાં પણ તે એકતા તો હતીજ, માટે એ અજ્ઞાતસત્તા છે.

**अज्ञानम्**–कार्यमात्रोपादानत्वे सदसद्भ्यामनिर्वचनीयत्वम् । કાર્યમાત્રનું જે ઉપાદાન હોઇને સત અને અસત્ શબ્દથી કહી શકાય નહિ એવું. ( વેદાન્ત–તત્ત્વ–વિવેક. )

૨. अनादि–भाव–रूपत्वे सति विज्ञाननिरास्यम् । અનાદિ ભાવરૂપ હોઇને જેનો વિજ્ઞાન વડે નિરાસ થઈ શકે છે તે અજ્ઞાન કહેવાય છે. ( કેટલાક ‘ જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન ’ એમ કહે છે, પણ વેદાન્ત શાસ્ત્રમાં તેને અભાવરૂપ ન માનતાં ભાવરૂપ માન્યું છે. ( તત્વદીપિકા. )

૩. मिथ्यात्वे सति साक्षाज्ज्ञाननिवर्त्यत्वमज्ञानम् ।–જે મિથ્યા હોઇને સાક્ષાત્ જ્ઞાન થવાથી નિવૃત્ત થાય છે તે અજ્ઞાન.

૪. अनाद्युपादानत्वे सति मिथ्यात्वम् ।—જે અનાદિ ઉપાદાનરૂપ હોઇને મિથ્યા હોય તે અજ્ઞાન. ( ભાષ્ય રત્નપ્રભા )

૫. सदसद्विलक्षणमज्ञानम्—જે સત્ય પદાર્થથી અને અસત્ય પદાર્થથી વિલક્ષણ હોય તે અજ્ઞાન. અજ્ઞાન સત્ય નથી કેમકે તેનો જ્ઞાનથી નાશ થાય છે; તેમ તે અસત્ય પણ નથી, કેમકે ‘ હું બ્રહ્મને જાણતો નથી ’ એવો અજ્ઞાનનો અનુભવ થાય છે. માટે એને ‘ અનિર્વચનીય ’ પણ કહે છે.

૬. सद्विलक्षणमनादिज्ञाननिवर्त्यमज्ञानम् ।—સત્ વસ્તુથી વિલક્ષણ, અનાદિ, તથા જ્ઞાનથી નિવૃત્ત થાય એવો પદાર્થ તે અજ્ઞાન. ‘અસત્’ એ કાંઇ વસ્તુજ નથી માટે ‘ અસત્થી વિલક્ષણ ’ એમ આ લક્ષણમાં કહ્યું નથી. એનેજ મૂલ પ્રકૃતિ, પ્રલયાવસ્થા, અવ્યક્ત, અવ્યાકૃત, અક્ષર ( જ્ઞાન વિના નાશ પામતું નથી માટે ) અવિદ્યા, તમ, વગેરે કહે છે,

૭. अनाद्युपादानं ज्ञाननिवर्त्यमज्ञानम् ।—અનાદિ ઉપાદાનરૂપ અને જ્ઞાનથી નિવૃત્ત થાય તેનું નામ અજ્ઞાન. ( ‘ ઉપાદાન ’ ) શબ્દથી અહીં પરિણામી ઉપાદાન સમાજવું. )

૮. परिषदा विज्ञातस्य वादिना त्रिरभिहितस्यापि वाक्यार्थस्याबोधोऽज्ञानम् ।— પરિષદ્માંના પુરૂષે જાણેલો તથા વાદીએ ત્રણ વાર કથન કરેલો એવો જે વાક્યાર્થ છે, તે વાક્યાર્થનો બોધ ન થવો તેને ‘ અજ્ઞાન ’ કહે છે. ( એ એક નિગ્રહસ્થાન છે. )

**अज्ञानप्रकारौ**–અજ્ઞાનના બે પ્રકાર છેઃ (૧) સમષ્ટિ અજ્ઞાન અને (૨) વ્યષ્ટિ અજ્ઞાન.

**अज्ञानभूमिसप्तकम्**—बीजजाग्रत्तथा जाग्रन्महाजाग्रत्तथैव च । जाग्रत्स्वप्नस्तथा स्वप्नः स्वप्नजाग्रत्सुषुप्तिके । एवं भेदात्समाख्याता सप्ताज्ञानस्य भूमयः ॥—અજ્ઞાનની સાત ભૂમિકાઓ છેઃ (૧) બીજજાગ્રત, (૨) જાગ્રત્, (૩) મહાજાગ્રત્, (૫) સ્વપ્ન, (૬) સ્વપ્નજાગ્રત્ અને (૭) સુષુપ્તિ, ( લક્ષણો તે તે શબ્દોમાં જોવાં. )

**अज्ञानशक्ती**–અજ્ઞાનની બે શક્તિઓ છેઃ (૧) જ્ઞાનશક્તિ અને (૨) ક્રિયા શક્તિ. વળી (૧) વિક્ષેપ અને (૨) આવરણ એવી પણ બે અજ્ઞાનની શક્તિઓ છે.

**अज्ञानावस्थासप्तकम्**–अज्ञानावृति विक्षेपद्विविधज्ञानतृप्तयः । दुःखहानिश्च सप्तैता अवस्थाः परिकीर्तिताः ॥१॥ અજ્ઞાનની સાત અવસ્થાઓ છેઃ—(૧) અજ્ઞાન, (૨) આવરણ, (૩) વિક્ષેપ, (૪) પરોક્ષપાન, (૫) અપરોક્ષજ્ઞાન, (૬) તૃપ્તિ, અને (૭) દુઃખહાનિ. ( લક્ષણો તે તે શબ્દોમાં જોવાં. )

**अणुत्वम्**–सूक्ष्मपदार्थत्वे सत्यारम्भकत्वम् । જે પદાર્થ સૂક્ષ્મ હોઇને, બીજા પદાર્થનો આરંભ કરનારો થાય છે અને તેને ‘ અણુ ’ કહે છે. અણુનો ભાવ તે અણુત્વ.

**अण्डज**–( शरीरम् )—સ્ત્રીજાતીના શરીરથી પ્રથમ ઉત્પન્ન થયેલું જે ઇંડું હોય છે, તે ઇંડામાંથી જે શરીર ઉત્પન્ન થાય છે, તે અંડજ કહેવાય છે. પક્ષી, સર્પ, ગરોળી, વગેરેનાં શરીર અંડજ હોય છે.

For Private And Personal Use Only